



Design By : Banas Dairy Media

પ્રકાશક : ઇન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best



# બનાસની ધરતીનો ધબકાર

અંક: ૨૮ | મે - ૨૦૨૫
www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia

**કાંકરેજ અને ગીર જર્મપ્લાઝ્મ આયાત માટે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી સહીત નિયામક મંડળના સભ્યશ્રીઓ બ્રાઝિલ દેશની મુલાકાતે.**

**ઈન્ડિયા ટુડે કૉન્ક્લેવ મધ્યપ્રદેશ 2025માં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ઉપસ્થિત રહીને બનાસ ગૌરવ ગાથા રજુ કરી.**

**રાધનપુર, સાંતલપુર દિયોદર, લાખણી અને કાંકરેજ બનાસ ડેરી અને GCMMF દ્વારા દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.**





# કાંકરેજ અને ગીર જાતિના જર્મપ્લાઝ્મ (બીજદાન) આયાત માટે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી બ્રાઝિલની મુલાકાતે

**આધુનિક ટેક્નોલોજી આધારિત પશુપાલન વ્યવસાય પ્રગતિના માર્ગને મોકળો કરશે.**

**ગુજરાતની કાંકરેજ ગાય બ્રાઝિલની અર્થવ્યવસ્થામાં મોટો બદલાવ લાવી રહી છે.**

**બ્રાઝીલની જેમ આપણો જિલ્લો બ્રિડિંગ અપગ્રેડેશનના કારણે માત્ર ૧૦ વર્ષમાં પશુપાલન ક્ષેત્રે ખૂબ જ પ્રગતિ કરી શકે છે.**

સહકારી ક્ષેત્રને સશક્ત, સક્ષમ અને સ્વાવલંબી બનાવવા ટેક્નોલોજીનાં માધ્યમથી પશુસંવર્ધનને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે બનાસ ડેરી દ્વારા ભીલડી ખાતે રૂ. ૩૨૮.૭૭ કરોડના ખર્ચે નિર્મિત થનાર બનાસ બોવાઈન બ્રીડિંગ એન્ડ રીસર્ચ સેન્ટર (BBBRC) નાં નિર્માણ કાર્યનો શુભારંભ કરવામાં આવ્યો છે ત્યારે કાંકરેજ અને ગીર જર્મપ્લાઝ્મની આયાત માટે જરૂરી શોધખોળ અને વ્યાપારી જોડાણોને વધુ સુદ્રઢ કરવાના ઉદ્દેશ્ય સાથે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ ડેરીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામસિંહ ચૌધરી, NDDB આણંદના DGM (AB) ડૉ. નિલેશ નાયી, એક્ઝિક્યુટિવ ડૉ. યશપાલ ચૌધરી અને ડૉ. લલિત પટેલ સહીત પ્રતિનિધિ મંડળે બ્રાઝિલની મહત્ત્વાકાંક્ષી મુલાકાત લીધી હતી.



સહકારી ક્ષેત્રને સશક્ત, સક્ષમ અને સ્વાવલંબી બનાવવા ટેક્નોલોજીનાં માધ્યમથી પશુસંવર્ધનને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે બનાસ ડેરી દ્વારા ભીલડી ખાતે રૂ. ૩૨૮.૭૭ કરોડના ખર્ચે નિર્મિત થનાર બનાસ બોવાઈન બ્રીડિંગ એન્ડ રીસર્ચ સેન્ટર (BBBRC) નાં નિર્માણ કાર્યનો શુભારંભ કરવામાં આવ્યો છે ત્યારે કાંકરેજ અને ગીર જર્મપ્લાઝ્મની આયાત માટે જરૂરી શોધખોળ અને વ્યાપારી જોડાણોને વધુ સુદ્રઢ કરવાના ઉદ્દેશ્ય સાથે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ ડેરીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામસિંહ ચૌધરી, NDDB આણંદના DGM (AB) ડૉ. નિલેશ નાયી, એક્ઝિક્યુટિવ ડૉ. યશપાલ ચૌધરી અને ડૉ. લલિત પટેલ સહીત પ્રતિનિધિ મંડળે બ્રાઝિલની મહત્ત્વાકાંક્ષી મુલાકાત લીધી હતી.



બ્રાઝિલ દેશના પ્રવાસ દરમિયાન ચેરમેનશ્રીના નેતૃત્વ હેઠળ નિયામક મંડળ સહીત અન્ય સભ્યશ્રીઓએ બ્રાઝિલના અગ્રણી ઝેબુ બ્રીડર્સ એસોસિએશન – ABCZ દ્વારા આયોજિત એક્સ્પોઝેબુમાં હાજરી આપીને ત્યાં પ્રદર્શિત કરાયેલ ઝેબુ જાતિના ભદ્ર પ્રાણીઓના પ્રદર્શન સાથે સાથે ભ્રૂણ, વીર્ય, જીવંત પ્રાણીઓ, ઘાસચારાના બીજ અને આધુનિક ટેક્નોલોજીની વેચાણ સેવા સંદર્ભે માહિતી પ્રાપ્ત કરી હતી. એક્સ્પોઝેબુ વિશ્વનું અગ્રણી પ્લેટફોર્મ છે, જેની મુલાકાત અને અભ્યાસ બનાસ બોવાઈન બ્રીડિંગ એન્ડ રીસર્ચ સેન્ટર માટે ભવિષ્યમાં મદદરૂપ થશે.



બ્રાઝિલે બ્રિડિંગ અપગ્રેડેશનના કારણે પશુપાલન ક્ષેત્રે ખૂબ જ પ્રગતિ કરી છે. જે પ્રગતિ કરતા બ્રાઝિલને 70 વર્ષ લાગ્યા છે, આપણે એ પ્રગતિ 10 વર્ષમાં બનાસમાં આ ટેકનોલોજીનો વધુ ઉત્કૃષ્ટ રીતે ઉપયોગ કરીને લાવી શકીએ છીએ.: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી

આ મુલાકાત દરમિયાન બ્રાઝિલનાં અગ્રણી બ્રિડિંગ ફાર્મ જેવા કે બોઆ લેમ્બ્રાન્કા અને સુલા ગુઝેરા ફાર્મ તેમજ શ્રેષ્ઠ કાંકરેજ દાતાઓની પસંદગી કરી તેમની સંવર્ધન અને સંચાલન પદ્ધતિઓ સંદર્ભે વિસ્તારપૂર્વક માહિતી મેળવી તેમજ ટેકનિકલ અને જરૂરી બાબતો વિશે ઊંડાણમાં અભ્યાસ કર્યો હતો.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી એ બ્રાઝિલનાં સુલા ફાર્મની મુલાકાત કરી હતી. જ્યાં એક મહિલા એ છેલ્લા ૬૦ વર્ષથી ગુજરાતની કાંકરેજ ગાયમાં એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીની મદદથી બ્રિડિંગનું કામ કરીને પાંચથી છ હજાર સુધીની વાર્ષિક દૂધનું વેલ્યુ આપી શકે એવી વાછરડીઓ તૈયાર કરી છે. આ મૂળ ભારતથી આવેલ કાંકરેજ નસલની ગાયો છે.

ભારતમાં ગીર અને કાંકરેજ જાતિમાં ગુણવત્તાસભર સુધારાને વધુ ગતિ આપવા માટે બ્રાઝિલની ટેકનિકલ કંપનીઓ જેવી કે જીનીલ અને ઝુએમ્બ્રીયો સાથે સહયોગની યોજના બનાવવામાં આવી રહી છે. આ ભાગીદારી હેઠળ શ્રેષ્ઠ ગુણવત્તાવાળા દાતા પશુઓ પાસેથી ભ્રૂણ આયાત કરવામાં આવશે, જેથી ભારતીય પશુપાલકોને ઉચ્ચ ગુણવત્તાવાળા પશુઓ ઉપલબ્ધ થઇ શકે. સમગ્ર પ્રક્રિયા દરમિયાન આંતરરાષ્ટ્રીય સેનિટરી પ્રોટોકોલનો સંપૂર્ણ રીતે અમલ કરવામાં આવશે.

ગાય અને ભેંસની સ્વદેશી દુધાળા જાતિઓ જેમ કે - કાંકરેજ, ગીર, સાહિવાલ, થરપારકર, રાઠી, લાલ સિંધી, મુર્રાહ, મહેસાણી અને બન્નીના સંરક્ષણ અને અપગ્રેડેશન માટે BBBRC ના નિર્માણ કાર્યની પૂજાવિધિ માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનાં શુભહસ્તે કરવામાં આવી હતી. આ વિવિધ જાતિઓની ઉચ્ચ કક્ષાની માતાઓમાંથી વાર્ષિક ૭-૧૦ હજાર ભ્રૂણ ઉત્પન્ન કરવાનો અંદાજ છે. આગામી પેઢીમાં આ જાતિઓની સંખ્યામાં ક્વોન્ટમ લીપ પેદા કરવાના ઉદ્દેશ્ય માટે ઇન વિટ્રો ફર્ટિલાઇઝેશન માટેની આ વિશ્વ કક્ષાની સુવિધા ઊભી કરવામાં આવશે.

આજના આધુનિક યુગમાં ઉચ્ચ ઓલાદોની નસલનાં સંવર્ધન થકી દૂધ ઉત્પાદન વ્યવસાયને પશુપાલકો માટે વધુ ફાયદાકારક બનાવવા અભિગમ સાથે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ સંઘના નિયામક મંડળ સાથે બ્રાઝિલ દેશમાં કરેલ આ મહત્વાકાંક્ષી મુલાકાત બનાસ ડેરીના દ્રષ્ટિકોણ અને દાયિત્વના પ્રતીકરૂપ છે કે જેના માધ્યમથી બનાસકાંઠા સહીત સમગ્ર ગુજરાત અને દેશના પશુપાલકો માટે નવા અવસર અને આધુનિક ટેક્નોલોજી આધારિત વિકાસના દરવાજા ખુલશે.

# સોસ કુવા: જળસંચયની દિશામાં બનાસ ડેરીની વધુ એક પહેલ

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના 'Catch The Rain' અભિયાનથી પ્રેરિત બનાસ જળ શક્તિ અભિયાન અંતર્ગત ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના શુભહસ્તે બૃહદ બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોના ખેતરમા સોસ કૂવા નિર્માણનો શુભારંભ ભાગળ (પીપળી) ખાતે કરવામાં આવ્યો.



પાણીની સતત અછતવાળો દુષ્કાળગ્રસ્ત ખેતીપ્રધાન અને પશુપાલન ઉપર નિર્ભર બૃહદ બનાસકાંઠામાં ભૂગર્ભજળ સતત નીચે જઇ રહ્યાં છે અને ઉત્તરોતર જીવનજરૂરિયાત તેમજ વ્યવસાય માટે પાણીની માંગ તીવ્ર ગતિથી વધતી જાય છે ત્યારે ઉભી થયેલી પરિસ્થિતિને પહોંચી વળવા બનાસ ડેરી જનભાગીદારીથી બનાસ જળ સંચય અભિયાન અંતર્ગત જિલ્લાનાં ખેડૂતોને આર્થિક સહાય પુરી પાડીને તેમના જ ખેતરમાં સોસ કૂવાઓનું નિર્માણ કરી આપશે. સોસ કૂવો એ એક એવી રચના છે, જે પાણી જમીનમાં ઉતારવા માટે થાય છે, જેથી પાણી જમીનમાં ફરી ભળી જાય અને જમીનનું ભેજ અને ભૂગર્ભ જળસ્તર જળવાઈ રહે. આ મહત્ત્વાકાંક્ષી અભિયાનનો શુભારંભ ૮ મે, ૨૦૨૫ના રોજ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ભાગળ (પીપળી) ખાતે પ્રથમ સોસ કૂવાનાં નિર્માણ કાર્યની પૂજાવિધિ સાથે કરવામાં આવ્યો. આ અભિયાન બૃહદ બનાસકાંઠાને ખેતી અને પશુપાલન માટે જળસંપન્ન બનાવી દેશે.




"સોસ કુવાનાં માધ્યમથી વરસાદી પાણીનો સંગ્રહ એ વરસાદના પાણીને વેડફાતાં અટકાવી, તેને સાચવી રાખીને ભવિષ્યમાં ઉપયોગ માટે તૈયાર રાખવાની એક સંવેદનશીલ અને ઉપયોગી પદ્ધતિ છે." : ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી

બનાસકાંઠાનું ભૌગોલિક બંધારણ એવું છે ક અહનો પૂર્વ ભાગ પહાડી અને પશ્ચિમ ભાગ રણપ્રદેશ સાથે જોડાયેલ છે. પરિણામે અહીં પાણીની જટિલ સમસ્યા સર્જાય છે. આ સમસ્યાને દુરંદેશી નેતૃત્વ હેઠળ કાયમી ઉકેલવા બનાસ ડેરી સ્થાનિક સ્તરે પાણી સંગ્રહની કલ્પનાને હકીકતમાં પરિવર્તિત કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ "Catch the Rain" અભિયાનને ભૂમિ પર ઉતારવાનો પ્રયાસ શરૂ કર્યો છે. આગામી ચોમાસા પહેલા જળ સંચય માટે ખેડૂતોના નીચાણવાળા ભાગમાં, જ્યાં પાણી એકઠું થતું હોય તે જગ્યાએ ૪' x ૪' x ૬' નો સોસ કૂવાનું નિર્માણ અને ૪ ફૂટ સુધી ૯૦ એમ.એમની કશ મેટલ ભરવા તેમજ ઉપરના બે ફૂટમાં ૪૦ એમ.એમ.ની મેટલ ભરવાનાં કુલ અંદાજીત ખર્ચા રૂ.૪૭૫૦ માં દૂધ ઉત્પાદકોને એક સોસ કૂવાના ખર્ચનાં ૫૦% સહાય પેટે રૂ.૨૩૭૫ દૂધ ઉત્પાદકના બેંક ખાતામાં ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ / બનાસ ડેરી દ્વારા આપવામાં આવશે. ઉપરોક્ત જળ સંચયના કામની દેખરેખ દૂધ મંડળીના ચેરમેન/ મંત્રી / ટ્રસ્ટની ફીલ્ડ અને ટેકનીકલ ટીમ દ્વારા રાખવામાં આવશે.આ અભિયાન પીએમ મોદીના શબ્દો "જળસંચય યોજના એ માત્ર યોજના નહી પરંતુ ભાવિ પેઢી માટે આપણે કરવાનું એક પુણ્યનું કામ છે." ને ચરિતાર્થ કરશે.



વધુમાં તેમણે જણાવ્યું હતું કે "છેલ્લા દશ વર્ષથી બનાસ ડેરી લોકભાગીદારી સાથે તળાવ, પાળાબંધી અને ખેત તલાવડીઓનું નિર્માણ કરીને વરસાદી પાણીના જળ સંચયથી ભૂગર્ભજળ ઊંચા અને યથાવત જાળવી રાખવાના સતત પ્રયાસો કરી રહી છે. બનાસ ડેરીનાં જળ સંચયના પ્રયાસો દ્વારા સમગ્ર બૃહદ બનાસકાંઠામાં ખેતી અને પશુપાલનમાં હરિયાળી ક્રાંતિ આવી છે, જેના લીધે ખેડૂતો સમૃદ્ધ બન્યા છે અને ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી આર્થિક સશક્તિકરણના વિકાસનો માર્ગ મોકળો બન્યો છે."

ખેતરમાં વરસાદી પાણીના સંચય માટે સોસ કૂવો (Soak Pit) બનાવવાનો ઘણા ઉપયોગી ફાયદા છે, જે ખેતીની સુસંગતતા, પાણી બચત અને પર્યાવરણીય સુરક્ષા માટે ખુબ જરૂરી છે. નીચે ખાસ ખેતર માટે તેના લાભો આપેલા છે:



## ખેતરમાં સોસ કૂવો બનાવવાનાં મુખ્ય ફાયદા

**ભૂગર્ભ જળસ્તર વધે**
ખેતરમાં પડતો વરસાદ જમીનમાં ઉતરી શકે તે માટે સોસ કૂવો અસરકારક રીત છે. તેનાથી નજીકના બોરવેલ અને કૂવામાં પાણીનું સ્તર ધીરે ધીરે વધે છે.

**મોંઘા સિંચાઈ સાધનો પર ખર્ચમાં બચત**
જમીનમાં નમી અને ભેજ જળવાતી હોવાથી ડ્રિપ સિસ્ટમ કે બોર પંપનો ઓછી વાર ઉપયોગ થાય છે, જેના કારણે વીજળી અને પાણી બચે છે.

**જમીન ધોવાવાથી બચાવે છે**
પાણી એક જગ્યાએ ઊભું ન રહે એટલે જમીન પરનો મટેરીયલ કે પોષક તત્વો ધોવાઈ જતાં અટકે છે.

**સરળ અને ઓછી ખર્ચાળ રચના**
સોસ કૂવો બનાવવો ટેકનિકલી સરળ છે અને લાંબા સમય સુધી ચાલે છે.

**સસ્તું જળસંચય વિકલ્પ**
ટાંકી કે ડેમ જેવી મોંઘી રચનાઓ સામે સોસ કૂવો એક સસ્તું અને અસરકારક વિકલ્પ છે, ખાસ નાના ખેડૂત માટે.

- **પાક માટે ભેજ જળવાઈ રહે**
  પાણી જમીનમાં સારી રીતે વિલય પામતું હોવાથી જમીનમાં ભેજ વધારે સમય સુધી રહે છે, જે પાકના વૃદ્ધિ માટે ખૂબ ફાયદાકારક છે.
- **unexpected વરસાદના પાણીનું નિયંત્રણ**
  ભારે વરસાદ વખતે ખેતરમાં ભરાવ અને માટી ધોવાઈ ન જાય તે માટે સોસ કૂવો પાણીને યોગ્ય રીતે શોષી લે છે.
- **જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે**
  ભેજ સાથે જમીનમાં રહેતા સૂક્ષ્મજીવો અને પોષક તત્વો સક્રિય રહે છે, જે જમીનને સ્વસ્થ અને ઉત્પાદનક્ષમ બનાવે છે.
- **ભવિષ્યની પાણી તંગી સામે કવચ**
  વરસાદી પાણી જમીનમાં સંગ્રહ થાય છે એટલે લાંબા ગાળે ખેતી માટે જરૂરી પાણી ઉપલબ્ધ રહે છે, ખાસ કરીને ઉનાળામાં.
- **પર્યાવરણને અનુકૂળ અને કુદરતી ઉપાય**
  આ પદ્ધતિ પાણી બચાવવાની સાથે પર્યાવરણને પણ ઓછું નુકસાન કરે છે અને કુદરતી જળચક્ર જળવાઈ રહે છે.

**ખેતરમાં સોસ કૂવો બનાવવો એ વરસાદી પાણીનો સદુપયોગ કરવાનો સરળ, સસ્તો અને અસરકારક ઉપાય છે. તે ખેતીને વધુ ટકાઉ અને પાણી પર આધારીત સંકટોથી સુરક્ષિત બનાવે છે. દરેક ખેડૂત માટે તે લાંબા ગાળાના લાભ આપતો એક વિચારવિમર્શપાત્ર નિર્ણય છે.**





## 'સુજલામ સુફલામ' અને 'Catch The Rain' અભિયાન અંતર્ગત ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને પાલનપુર ખાતે યોજાઈ મહત્વપૂર્ણ બેઠક




બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી, પાલનપુર ખાતે 'સુજલામ સુફલામ' અને 'Catch The Rain' અભિયાન અંતર્ગત જિલ્લાના ધારાસભ્યશ્રી તથા વહીવટી તંત્ર સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ. આ બેઠકમાં વરસાદના પાણીના સંગ્રહ માટે જળસંચયની નીતિ, સોસ કૂવો તથા જળસંરક્ષણ જેવા નિર્ણાયક મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરવામાં આવી. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, "જળસંચય એ આવનારા સમયમાં જીવલેણ મુદ્દો બનવાનો છે, અને આપણે અત્યારથી જ તે દિશામાં સંકલ્પબદ્ધ પ્રયત્નો કરવા જરૂરી છે."

બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી, વિવિધ તાલુકાના પ્રાંત અધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, વહીવટી તંત્રના અધિકારીઓ અને ધારાસભ્યશ્રી ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્યશ્રીએ પણ પોતાના વિસ્તારમાં અમલમાં મુકાયેલી યોજનાઓ અને આગામી આયોજન અંગે માહિતી આપી.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ સહિયારા પ્રયાસોની જરૂરિયાત ઉપર ભાર મૂકતા કહ્યું કે, "બનાસ ડેરી ખેડૂતો માટે માત્ર દુધ વ્યવસાય જ નહિ, પણ પાણી, પશુપાલન અને ખેતીથી જોડાયેલા પ્રશ્નો માટે પણ હંમેશા કટિબદ્ધ રહી છે. સોસ કૂવો નિર્માણ, વરસાદી પાણીના સંગ્રહ માટે ટેકનિકલ માર્ગદર્શન અને ગ્રામ્ય વિસ્તારોમાં જળ જાગૃતિ અભિયાન માટે અમે સરકાર અને વહીવટી તંત્ર સાથે મજબૂત સહયોગ આપીશું." આ બેઠકમાં જળસંચય માટેની કાર્યપ્રણાલી, જૂના તળાવોની સફાઈ, નદી-નાળાઓની વ્યવસ્થિતતા અને ગ્રામ્ય સ્તરે ખેડૂત જાગૃતિ કાર્યક્રમો ચલાવવા અંગે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા.

આ અભિયાન અંતર્ગત આગામી દિવસોમાં દરેક તાલુકા મથકે જળસંચયને લગતા કાર્યક્રમો અને વર્કશોપ યોજાશે તથા ગ્રામ પંચાયત સ્તરે જનસહભાગિતાથી યોજનાઓ અમલમાં મુકવામાં આવશે. બનાસ ડેરી અને વહીવટી તંત્ર દ્વારા જળસંચય અને કૃષિ વિકાસ માટે આ સંકલિત અભિગમ દરેક ખેડૂત અને ગ્રામજનો માટે લાભદાયક સાબિત થશે, તેમ આશા વ્યક્ત કરવામાં આવી હતી.







# બનાસ જળ શક્તિ અભિયાન અંતર્ગત ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના શુભહસ્તે નાગફણા ગામે તળાવ ઊંડું કરી અમૃત સરોવર બનાવવાના કાર્યનું ખાતમુહૂર્ત કરાયું

ડીસાના નાગફણા ગામમાં બનાસ જળ શક્તિ અભિયાન અંતર્ગત તળાવના ઊંડાણના કાર્યનું ખાતમુહૂર્ત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન માનનીય શ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ભવ્ય રીતે સંપન્ન થયું. આ અભિયાન ન માત્ર નાગફણા ગામ માટે, પણ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં જળસંચય અને પર્યાવરણ સંરક્ષણ માટે માવજતરૂપ બની રહેશે.

શ્રી શંકરભાઈએ ગામજનો સાથે સંવાદ કરતા જણાવ્યું કે, “મારે પહેલા અહીં વૃક્ષારોપણ માટે આવવાનું થયું હતું, આજે એ વાવેલા વૃક્ષોને લીલાછમ અને વિશાળ કાયામાં જોઈને ખૂબ આનંદ થાય છે. આ દર્શાવે છે કે જો આપણી દૃઢ ઇચ્છાશક્તિ હોય અને પ્રકૃતિ પ્રત્યે લાગણી હોય તો કોઈપણ કામ શક્ય છે. વૃક્ષારોપણ કે જળસંચય એ માત્ર કામ નહીં પણ ઇશ્વરપૂજન સમાન છે.”

તળાવના ઊંડાણના કાર્ય વિશે તેઓએ કહ્યું કે, “આ કાર્ય ઝડપથી પૂર્ણ કરવામાં આવશે અને નર્મદાના પાણીથી આ તળાવ છલોછલ ભરાશે. આ તળાવ માત્ર પાણીનો સ્ત્રોત નહીં, પણ આગામી પેઢીઓ માટે આશા અને આશીર્વાદનું પ્રતિક રહેશે.”

તેઓએ વધુમાં જણાવ્યું કે, “જળ કોઈનું નથી – એ તો સમગ્ર પ્રકૃતિનું છે. આપણે એને સમજદારીપૂર્વક વાપરીએ તો જલ સંકટમાંથી બહાર આવી શકીએ. આજે જે કાર્ય શરૂ થયું છે, તે માત્ર તળાવ ઊંડું કરવાનું નથી, પણ ધરતીમાતાને આપણી ઋણસ્વીકારની ભાવના વ્યક્ત કરવાનું કાર્ય છે.”

રાજ્ય સરકારના સહયોગ માટે આભાર વ્યક્ત કરતા તેમણે કહ્યું, “બનાસ ડેરી દ્વારા ચલાવવામાં આવતું 'બનાસ જળ શક્તિ અભિયાન' રાજ્ય સરકારના અમૂલ્ય સહયોગથી શક્ય બની રહ્યું છે. ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો દિલથી આભાર , જેમના માર્ગદર્શન હેઠળ જળસંચયના અતુટ અભિગમો આગળ વધી રહ્યા છે.”



## ચેરમેન શ્રી શંકરભાઈભાઈ ચૌધરીએ કેટલીક મહત્વપૂર્ણ યોજનાઓ વિશે ગ્રામજનોને માહિતી આપી:

**રાજ્ય સરકાર તરફથી સુકાઈ ગયેલા બોરને રીચાર્જ કરવા નીતિ બનાવાઈ છે, જેમાં મોટા ભાગનો ખર્ચ સરકાર ભરે છે. ઉંચાણવાળા વિસ્તારોમાં પાઈપલાઈન દ્વારા પાણી લાવીને રીચાર્જની વ્યવસ્થા થશે.**

**બનાસ ડેરીના સહયોગથી ખેડૂતોના ખેતરોમાં સોસ કૂવા બનાવવાનું કાર્ય શરૂ કરાયું છે. રેતાળ જમીનમાં આ સોસ કૂવા ખૂબ અસરકારક સાબિત થશે.**

**વરસાદી પાણીની સાચવણથી જમીનનું ભેજમાત્રા વધશે, જળસ્તર ઊંચું આવશે અને ઉત્પાદનક્ષમતા પણ વધશે.**




તેઓએ ગ્રામજનોને પ્રેરિત કરતા કહ્યું: “દરેક ટીપું મહત્વનું છે. જો આપણે દરવર્ષે ટીપે ટીપે પાણી બચાવીએ તો થોડા વર્ષોમાં જ ધરતી માતાની કૂખ ફરી ભીની થઈ શકે. આપણી ફરજ છે કે જે પાણી બોરથી ખેંચી લઈએ છે, એ વરસાદી પાણીના રૂપમાં પાછું ધરતીને આપી દઈએ. ભવિષ્યની પેઢી માટે આ જ સાચો વારસો છે.”

તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'Catch the Rain' અભિયાનનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે,“માનનીય વડાપ્રધાનશ્રીની આગેવાની હેઠળ સમગ્ર દેશમાં જળસંચય માટે જાગૃતિ ફેલાઈ છે. Catch the Rain જેવા અભિયાનો દ્વારા તેમણે આપ સૌને પગલાં ભરવા પ્રેર્યા છે. આપણે પણ ગામડાઓને જળસંપન્ન અને ભવિષ્યલક્ષી બનાવવાના સંકલ્પ સાથે આગળ વધીએ.”

### ઉદ્ઘાટનના અંતે ચેરમેનશ્રીએ એક સુંદર સંદેશ ગ્રામજનો સુધી પહોંચાડ્યો

**“જળનું રક્ષણ એ જીવનનું સંરક્ષણ છે,**
**ધરતીને આપેલ પાણી, આવતી પેઢી માટે આશિર્વાદ બનશે.**
**આજે આપણે તળાવ ઊંડું કરીએ છીએ,**
**વાસ્તવમાં તો ભવિષ્ય માટે મજબૂત આધાર ઘડી રહ્યાં છીએ.”**

આ વિસ્તૃત સંદેશ સામાજિક જાગૃતિ, પર્યાવરણપ્રેમ, સરકારના સહયોગ અને સ્થાનિક પરિવર્તનના મજબૂત સંદેશ સાથે એક પ્રેરણાદાયક વાતચીત તરીકે ગ્રામજનો પ્રભાવિત કરશે. જોઈએ તો, આ અભિયાન માત્ર તળાવ ઊંડું કરવાનો યજ્ઞ નથી — પણ આપણા ભવિષ્યને જળમય અને હરિત બનાવવાનો મહાસંકલ્પ છે.

ભારતના દૂધ ઉત્પાદનમાં ક્રાંતિ લાવનારી સહકારી સંસ્થાઓમાં "બનાસ ડેરી"નું નામ ગૌરવપૂર્વક લેવામાં આવે છે. બનાસકાંઠા જિલ્લામાં દૂધ સહકારિતાનો જે રીતે વિકસિત માળખું ઊભું થયું છે, તે અન્ય રાજ્યો માટે દિશાસૂચક મોડેલ બની રહ્યું છે. એ જ દૃષ્ટિએ, ઇન્ડિયા ટુડે ન્યૂઝ ચેનલ દ્વારા આયોજિત "ઇન્ડિયા ટુડે કૉન્ક્લેવ મધ્યપ્રદેશ 2025" માં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીને ખાસ આમંત્રણ અપાયું હતું.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ તેમની ઊર્જાવાન અને વિઝનરી નેતૃત્વ ક્ષમતા દ્વારા બનાસ ડેરીની સફળ યાત્રા તથા સહકારના માધ્યમથી થયેલા વિકાસ વિષે વિશેષ માહિતી આપી. તેમના પ્રેઝેન્ટેશન દ્વારા માધ્યમથી દર્શાવાયું કે કેવી રીતે સ્થાનિક પશુપાલકોના સહકારથી બનાસકાંઠામાં રોજગાર, આવક અને સમૃદ્ધિ આવી છે. તેમણે મધ્યપ્રદેશ માટે પણ આવો જ મોડેલ અમલમાં મૂકવા માટે પંચસ્તરીય રણનીતિ રજૂ કરી, જેમાં પશુપાલકોના તાલીમ, દુધ સંકલન કેન્દ્રોની સ્થાપના, ઉચ્ચ ગુણવત્તાવાળું પશુઆહાર, સારવાર સુવિધાઓ અને માર્કેટિંગને લગતી નીતિઓનો સમાવેશ થયો.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કાર્યક્રમમાં ઉદ્બોધન કરતાં જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લો એક અનોખો વિસ્તાર છે – એક બાજુ કચ્છનું ઉગ્ર રણ, બીજી બાજુ રાજસ્થાનની બાંઝર જમીન, અને વચ્ચે કોઇ જીવંત નદી ન હોવા છતાં, અહીંની મહિલાઓએ શ્વેતક્રાંતિની અનોખી સાકારતા દર્શાવી છે. અહીંના ખેડૂતો પાણીને ધરતીની ગહેરાઈમાંથી કાઢે છે અને અઘરાં સંજોગો વચ્ચે પણ ખેતી અને પશુપાલન દ્વારા પ્રગતિની નવી રહેણી બનાવે છે. એવા અઘરા પ્રત્યેક સંજોગોમાં પણ બનાસકાંઠાનાં નાના ખેડૂતો અને પશુપાલકોએ મળીને જે સહકારના ભાવથી બનાસ ડેરીનું બાંધકામ કર્યું છે, એ આજે સમગ્ર દેશમાં એક મજબૂત આયકન બની ઊભું રહ્યું છે.

> "
> ## ઇન્ડિયા ટુડે કૉન્ક્લેવ મધ્યપ્રદેશ 2025માં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ઉપસ્થિત રહીને બનાસ ગૌરવ ગાથા રજુ કરી
> "






**તેમણે વધુમાં ઉમેર્યું કે બનાસ ડેરીનું કાર્ય અને સંસ્કાર ઋગ્વેદનાં વિશિષ્ટ સંદેશ પર આધારિત છે:**

"संगच्छध्वं संवदध्वं सं वो मनांसि जानताम् ।
देवा भागं यथा पूर्वे सञ्जानाना उपासते ।।"

અનુવાદરૂપે તેનો અર્થ થાય છે – સાથે મળીને ચાલો, સાથે મળીને બોલો, અને તમારું મન એકરુપ રાખો. જેમ પ્રાચીનકાળનાં દેવતાઓ યજ્ઞમાં સહકારથી ભાગ લેતા હતા, તેમ આજનાં યુગમાં પણ સમાજના દરેક કાર્યમાં સમજૂતી, સહયોગ અને સંકલન હોવું અનિવાર્ય છે. આ શ્લોક બનાસ ડેરીના કાર્યમૂલ્યો – એકતા, સહકાર અને સામૂહિક વિકાસ – ને અભિવ્યક્ત કરે છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે બનાસ ડેરી "ખુશીઓનું વાવેતર" ના સૂત્ર સાથે સાડા છ લાખથી વધુ પશુપાલક પરિવારો સાથે સંકળાયેલ છે. એક સમય હતો જ્યારે બનાસ ડેરી માત્ર દૂધના વ્યવસાયમાં જ સીમિત હતી, પરંતુ આજે તેણે વિવિધ ક્ષેત્રોમાં મજબૂત પગલાં ભર્યા છે – જે કાર્યક્ષેત્રો હવે સફળતાપૂર્વક ઊભા રહીને પશુપાલકોને નવાં અવસરો આપી રહ્યાં છે.

તેમણે એક વિઝ્યુઅલ પ્રેઝેન્ટેશન દ્વારા જણાવ્યું કે બનાસ ડેરીએ દૂધ ઉત્પાદનથી આગળ વધી value-added products, rural employment, food processing parks, animal feed production અને e-commerce જેવા ક્ષેત્રોમાં પણ મજબૂત પકડ જમાવી છે. આ વિકાસયાત્રા માત્ર ડેરી પુરતી જ નહિ , પરંતુ લાખો પરિવારોના જીવનમાં થયેલ સકારાત્મક બદલાવની કહાની છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના મજબૂત નેતૃત્વ હેઠળ બનાસ ડેરી એ સહકારના આધારે એક વૈશ્વિક સ્તરે ઉદાહરણ સ્થાપ્યું છે – જ્યાં દરેક સભ્ય માત્ર ભાગીદાર નથી, પરંતુ પરિવર્તનનો સહભાગી છે.

આ કાર્યક્રમના અંતર્ગત આયોજિત પેનલ ડીસ્કશનમાં ભારત, મધ્યપ્રદેશ, ગુજરાત અને ખાસ કરીને બનાસકાંઠા જિલ્લાના ડેરી ઉદ્યોગની દિશા અને દશા અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી. આ ચર્ચામાં ડેરી ઉદ્યોગના જાણીતા નિષ્ણાત ડૉ. ગોવાણી હાજર રહ્યા. તેમણે જણાવ્યું કે "હું પોતે બનાસ ડેરીનો કર્મચારી રહી ચૂક્યો છું, અને મને ગર્વ છે કે આજે એ ડેરી દેશનું આગવું મોડેલ બની છે. મધ્યપ્રદેશ જેવી ધરતી પર પણ આવા સહકારી વિકાસને લાગૂ કરી શકાય છે, જેમાં દૂધ ઉત્પાદન સાથે ગ્રામિણ વિકાસ પણ શક્ય બને છે."

બનાસ ડેરી માત્ર દૂધ ઉત્પાદન પૂરતું જ મર્યાદિત નથી, પણ તેનું મોડેલ સામાજિક સહકાર, વ્યાવસાયિક વ્યવસ્થાપન અને ખેડૂતોની આર્થિક સુરક્ષાનું ઉત્તમ ઉદાહરણ છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે સહકાર એ માત્ર વ્યવસાય નથી, પણ "સંવેદનશીલ વ્યવસ્થાની રચના" છે, જે ગામડાંને આર્થિક અને વિકાસની રીતે મજબુત બનાવી શકે છે.

કૉન્ક્લેવ દરમિયાન મધ્યપ્રદેશ સરકારના પ્રતિનિધિઓ તથા નીતિ નિર્માતાઓએ બનાસ ડેરીના મોડેલમાં ખૂબ રસ બતાવ્યો. ઘણા જિલ્લાના પ્રતિનિધિઓએ શંકરભાઈ સાથે બેઠક યોજી તથા ગુજરાતની મુલાકાત લેવા ઇચ્છા દર્શાવી.

"ઇન્ડિયા ટુડે કૉન્ક્લેવ મધ્યપ્રદેશ 2025" એક એવું મંચ બની રહ્યું છે, જ્યાં સહકારના ભારતીય મોડેલને નવેસરથી વ્યાખ્યાયિત કરવામાં આવ્યું. અને બનાસ ડેરીનું ઉદાહરણ એકવાર ફરીથી દેશ માટે માર્ગદર્શનરૂપ સાબિત થયું.



# માથે હાથ મમતાનો: ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીને મળ્યા મહિલા પશુપાલકોના આશીર્વાદ

**ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં રાધનપુર ખાતે યોજાયો દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમ**



બનાસ ડેરી અને ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (જી.સી.એમ.એમ.એફ.)ના સંયુક્ત ઉપક્રમે દૂધ શીતકેન્દ્ર રાધનપુર ખાતે ચેરમેન શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં સાંતલપુર-રાધનપુર તાલુકા માટે દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિશાળ સંખ્યામાં તાલુકાઓની મહિલા પશુપાલક અને ખેડૂતોએ હાજરી આપી હતી. ડેરીના કર્મચારીઓ દ્વારા કાર્યક્રમમાં પશુપાલન, ડેરીના વિવિધ વિભાગો અને વિષયો અંગે પશુપાલકોમાં જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો તેમજ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ મહિલા પશુપાલકોના પ્રયાસ, પરિશ્રમ અને પુરુષાર્થને બિરદાવ્યો હતો. આ અવસરે તાલુકા દીઠ સૌથી વધુ દૂધ ઉત્પાદન કરનાર મહિલા પશુપાલકોને ચેરમેનશ્રીના હસ્તે પ્રોત્સાહનરૂપે ચેક અર્પણ કરાયા હતા. ઉપરાંત, દૂર્ભાગ્યવશ પશુપાલક પરિવારના સભ્યના નિધનને ધ્યાને લઇ રૂ.૧ લાખના અકસ્માત વીમા યોજનાના ચેક પણ આપવામાં આવ્યા હતા.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પશુપાલકો સાથે સંવાદ કરતાં જણાવ્યું હતું કે, પહેલા જે સારી નસલની ભેંસો હતી, જે વધુ દૂધ ઉત્પાદન કરતી હોય કે આકર્ષક દેખાતી હોય – એવી ભેંસોને ઊંચા ભાવમાં વેચી દેવામાં આવતી હતી. પરિણામે, ઉચ્ચ ગુણવત્તાવાળી ભેંસો આપડા વિસ્તારની બહાર ચાલી ગઈ અને અહીં ઓછું દૂધ આપતી ભેંસો જ બાકી રહી છે. આવું ચાલુ રહેશે તો ભવિષ્યમાં વધુ દૂધ આપતી શ્રેષ્ઠ નસલ પેદા કરવા માટે ઘણો સમય અને મહેનત ખર્ચવી પડશે.



આજની જરૂરિયાતને સમજીને, વધુ દૂધ આપતી કાંકરેજ અને ગીર ગાયની શ્રેષ્ઠ નસલ પેદા કરવા માટે ખાસ ઉદ્દેશ સાથે બ્રાઝીલ પ્રવાસ કરવામાં આવ્યો હતો. ભવિષ્યમાં બ્રાઝીલની જેમ આપણો જિલ્લો બ્રિડિંગ અપગ્રેડેશનના કારણે માત્ર ૧૦ વર્ષમાં પશુપાલન ક્ષેત્રે ખૂબ જ પ્રગતિ કરી શકે છે. દુનિયામાં આજ સુધી ભેંસોમાં એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો ઉપયોગ કરીને શ્રેષ્ઠ નસલના ઉત્પત્તિ માટે કોઇએ ગંભીર રીતે કાર્ય કર્યુ નથી. પરંતુ હવે બનાસ ડેરી આ પહેલને અગ્રમાર્ગે લઈ જઈ રહી છે. ગાયોમાં બનાસ ડેરીએ આ પહેલ કરતાં 111 જેટલા ગાયોનો જન્મ એમ્બ્રિયો ટ્રાન્સફર દ્વારા કરાવ્યો છે – જેમાંથી કેટલીક ગાયો તો હાલમાં દૂધ પણ આપવા લાગી છે – તેમ હવે ભેંસોમાં પણ એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઉત્તમ નસલની ભેંસોની ઓલાદ પેદા કરવાની દિશામાં બનાસ ડેરી કાર્યરત છે.



પશુપાલનનો વ્યાપ વધે તેમજ ખેડૂતોની આવકમાં વૃદ્ધિ થાય તે માટે બનાસ ડેરી દ્વારા અનેક મહત્વકાંક્ષી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. મોટા અને આધુનિક તબેલાં બનાવવા, પશુપાલન વ્યવસાય શરૂ કરવા, શ્રેષ્ઠ નસ્લ માટે ગર્ભ પ્રત્યારોપણ કરાવવા, ઘર અને ઢાબાં પર સોલાર પેનલ લગાવવા તેમજ ૧૨ દુધાળા પશુ સહાય યોજના માટે સબસીડી અને સહાય આપવામાં આવે છે.

શિક્ષણ ક્ષેત્રે પણ બનાસ ડેરીએ મહત્વનું પગલું ભર્યુ છે. યુવાનોને ઉચ્ચ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર કરવા માટે આગામી મહિને ગાંધીનગર ખાતે નવી એજ્યુકેશન સંસ્થા શરૂ કરવામાં આવશે. આ સંસ્થામાં અભ્યાસ કરીને દીકરા-દીકરીઓ IAS, IPS જેવી વર્ગ 1 અને વર્ગ 2ની સરકારી નોકરીઓ માટે તૈયારી કરી શકશે.



ચેરમેનશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાધનપુર અને સાંતલપુર હવે નવી જિલ્લાના રૂપે ભલે બનાસકાંઠાથી અલગ હોય, પરંતુ બંને બનાસની ધરતી ઉપર છે. "બનાસ" એ સંસ્કૃતિ છે, સમાજ છે, સર્વાંગી વિકાસની ચળવળ છે. બનાસ એટલે સહકાર, સમર્પણ અને સંકલ્પ. આપણા સર્વે માટે આ ધરતી એક છે અને આપણે એકસાથે મળીને પ્રગતિનો માર્ગ અપનાવવો છે.

બનાસ ડેરી પશુપાલકોની આવક વધારવાના સંકલ્પ સાથે હવે દૂધની સાથે ગૌમૂત્રથી પણ મૂલ્યવર્ધિત આવકનો માર્ગ ખોલવાના પ્રયાસ સ્વરૂપે રાધનપુર ખાતે ગૌમૂત્ર સંગ્રહ અને પ્રોસેસિંગ સેન્ટર શરૂ કરાશે, જ્યાં ગૌમૂત્રને પ્રક્રિયા કરીને બજારમાં વેચવા અને ખેતી માટે ખાતરનાં રૂપમાં તૈયાર કરવામાં આવશે. આ પહેલથી પશુપાલકોને દૂધ સાથે દરેક લિટર ગૌમૂત્ર પર રૂ.૫ સુધીની સીધી આવક મળશે – એટલે કે હવે દુધના અને ગૌમુત્રના દરેક ટીપામાંથી પશુપાલકોને લાભ મળશે.

આ કાર્યક્રમમાં રાધનપુરના ધારાસભ્યશ્રી લવિંગજી ઠાકોર, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી રમેશભાઈ સિંધવ, પાટણ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી હેતલબેન ઠાકોર, પ્રાંત અધિકારીશ્રીઓ, બનાસ ડેરીના ડિરેક્ટરશ્રી રાધાભાઈ આહીર, નગરપાલિકા પ્રમુખશ્રી ભાવનાબેન જોષી, APMC ચેરમેનશ્રી, તાલુકા પંચાય પ્રમુખશ્રી, બેંકનાં વાઈસ ચેરમેન શ્રી કેશુભા પરમાર, રેડક્રોસનાં ડૉક્ટરશ્રી નવીનભાઈ ઠક્કર, તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, અખિલ આંજણા કેળવણી મંડળ પ્રમુખશ્રી જીતુભાઈ તથા મંત્રી શ્રી નવીનભાઈ, બંને તાલુકાના ભાજપના પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, રાધનપુર-સાંતલપુર તાલુકાની દૂધ ઉત્પાદક બહેનો તથા દૂધ મંડળીઓના ચેરમેનશ્રીઓ, સહિત અનેક સહકારી આગેવાનો અને મહિલા પશુપાલકોએ હાજરી આપી હતી.



# ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ રાધનપુર ખાતે નિર્માણાધીન ગૌમૂત્ર પ્રોસેસિંગ પ્લાન્ટની મુલાકાત કરી

વેસ્ટથી બેસ્ટનું સર્જન કરવાના પ્રયાસરૂપે બનાસ ડેરી દ્વારા રાધનપુર તાલુકાના દૂધશીત કેન્દ્ર ખાતે ગૌમુત્ર પ્રોસેસિંગ પ્લાન્ટનું નિર્માણ કાર્ય પ્રગતિમાં છે ત્યારે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ તે સ્થળ પર રૂબરૂ જઈને ચાલુ કામગીરીની મુલાકાત કરી હતી અને કાર્યની જરૂરી માહિત પ્રાપ્ત કરી અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા હતા. મુલાકાત દરમિયાન ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું હતું કે આ પહેલ દેશી ગાયોનું મહત્વ વધારશે અને ગૌ આધારિત પર્યાવરણ-મૈત્રીપૂર્ણ વ્યવસાયોને નવા સ્તર પર લઈ જશે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને વેસ્ટથી બેસ્ટનું સર્જન કરવાનો નવ સંકલ્પ આપીને તેનો અનુસરણ કરવાનો અનુરોધ કર્યો છે, તેને સાચા અર્થમાં અનુસરીને બનાસ ડેરી ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં રાધનપુર દરરોજ ૧૦,૦૦૦ લીટર ગૌ મૂત્ર કલેક્શન કરવાની ક્ષમતા ધરાવતા ગૌમુત્ર પ્લાન્ટનું નિર્માણ કરી રહી છે. દૂધ ઉત્પાદન સાથે પશુધનનાં છાણ અને ઝરણમાંથી પણ વધારાની આવક પશુપાલક મેળવે એ ઉદેશ્ય સાથે આ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ગૌમુત્ર પ્લાન્ટની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે આ પ્લાન્ટ દ્વારા પશુપાલકો પાસેથી દેશી ગાયોના ગૌ મૂત્રની ખરીદી ૫ રૂપિયા પ્રતિ લીટરના ભાવે કરવામાં આવશે. જેના દ્વારા પશુપાલકોને નાણાંકીય રીતે મદદ મળશે અને તેઓની આજીવિકા સુધરશે. દેશી ગાયોનું મહત્વ ઊભરશે અને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીને ગતિ મળશે. આ ગૌ મૂત્રનો ઉપયોગ કરીને સોઇલ કન્ડીશનર, ગ્રોથ પ્રમોટર અને પેસ્ટ રિપેલન્ટ જેવા બિનહાનિકારક રસાયણો તૈયાર કરીને હાનિકારક રસાયણોનો સારો વિકલ્પ ઉભો કરાશે.





# અદમ્ય ઉત્સાહ અને ઉર્જા સાથે બનાસવાસીઓ જોડાયા સીડબોલ મહાઅભિયાનમાં

સૂકાભઠ્ઠ બનાસકાંઠાને હરિયાળો બનાવવા બનાસ ડેરી છેલ્લા ૯ વર્ષથી સતત વૃક્ષારોપણનું વિશાળ અભિયાન ચલાવી રહી છે. વસ્તી અને જંગલ વિસ્તારના પર્વતો પર વધુ વૃક્ષો ઊગી શકે તે માટે ગામડાઓમાં સીડબોલ તૈયાર કરવામાં આવે છે. ચાલુ વર્ષે પણ બનાસ ડેરીએ સમગ્ર જિલ્લામાં લોકભાગીદારીથી સીડબોલ બનાવવાનું કાર્ય તેજગતિએ હાથ ધર્યું છે.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી કહે છે, "પ્રકૃતિ આપણા માટે માતૃરૂપ છે. જેમ મા પોતાનાં સંતાનોની કાળજી લે છે, તેમ આપણે પણ પ્રકૃતિના જતન અને સંવર્ધન માટે જવાબદાર છીએ. સીડબોલ અભિયાન એ પ્રકૃતિ પ્રત્યેની નૈતિક ફરજને નિભાવવાનું એક ઉત્તમ સાધન છે."

હાલ, જિલ્લામાં અનેક ગામડાઓમાં ગામલોકો ગાય-ભેંસના છાણ અને કાંપવાળી માટીમાંથી સીડબોલ તૈયાર કરી રહ્યા છે. દરેક સીડબોલમાં વિવિધ જાતના વૃક્ષોના બીજ મુકાઈ તેના કાચા બોલ બનાવી તૈયાર કરાય છે. વરસાદ શરૂ થયા બાદ આ સીડબોલ પર્વતો અને જંગલ વિસ્તારોમાં વિવિધ ટુકડીઓ દ્વારા વિતરણ અને વાવેતર માટે છાટવામાં આવશે. વરસાદ પડતા જ આ સીડબોલમાંથી બીજ અંકુરિત થઈ, છોડ ઊગશે અને પર્વતોમાં લીલોતરી થશે. વધુ વૃક્ષારોપણથી વરસાદમાં વધારો થશે અને ભૂગર્ભ જળસ્તર સુધરશે, પરિણામે પાણીનું સંકટ પણ હળવું પડશે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું કહેવું છે કે , "એક વૃક્ષ એ જીવંત ઓક્સિજન પ્લાન્ટ છે. સાચી દ્રષ્ટિએ જોઈએ તો એક વૃક્ષ પોતાની જીવનયાત્રામાં જેટલો ઓક્સિજન આપે છે, તેટલો કોઈ મશીનથી બનેલો પ્લાન્ટ પણ આપી શકતો નથી. તેથી વૃક્ષારોપણ એ માત્ર પર્યાવરણ જ નહીં, જીવવિશ્વ માટે જીવનદાયી કાર્યોમાંનું એક છે."

બનાસ ડેરીનું સીડબોલ અભિયાન આજે જનઅભિયાનમાં પરિવર્તિત થઈ ચૂક્યું છે. જે પરિવર્તનના સંકલ્પ સાથે જીલ્લાવાસીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે તે માટે સતત પ્રેરણા આપી રહ્યું છે.

દરવર્ષે બનાસ ડેરી દ્વારા લાખો સીડબોલ તૈયાર કરવામાં આવે છે, જેને પર્વતો પર વાવેતર કરાતાં અનેક વિસ્તારમાં હરિયાળી ફેલાય છે. આજે જ્યારે જંગલ વિસ્તારોમાં જંગલી પ્રાણીઓના ખોરાક-રહેઠાણ માટે પૂરતા છોડ બચ્યાં નથી, ત્યારે આવા પ્રયાસો જ જંગલોને જીવંત અને સજીવ રાખી શકે છે. આ રીતે જંગલમાં પ્રાણીઓ માટે ખોરાક ઉપલબ્ધ થાય અને માનવ વસાહત સાથેના અથડામણો અટકાવવામાં મદદરૂપ થાય છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી જણાવે છે કે બનાસકાંઠા જિલ્લાનો મુખ્ય પડકાર વરસાદની અછત અને ભૂગર્ભ જળસ્તરનો સતત ઘટાડો છે. આવી સ્થિતિમાં વૃક્ષારોપણ અને જળસંચય અભિયાનનો સંયુક્ત પ્રયાસ ભવિષ્યમાં જળસંપત્તિનું રક્ષણ કરશે અને વનવિસ્તારોમાં હરિયાળીથી ભરી દેશે.

બનાસ ડેરીના સીડબોલ મહાઅભિયાનથી માત્ર વૃક્ષો નહીં, પણ આશાઓ, સંકલ્પો અને સંસ્કૃતિના બીજ પણ રોપાઈ રહ્યા છે. હૃદયથી જોડાયેલી જનશક્તિ જ્યારે પર્યાવરણની સેવા માટે એક થાય ત્યારે ભૂમિની સ્થિતિ બદલાય છે – અને બનાસકાંઠા તેનું જીવતું ઉદાહરણ બની રહ્યું છે.

# ભીલડી ખાતે દેશનું સૌથી મોટું ગૌસંવર્ધન કેન્દ્ર કાર્યરત થશે: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી

## શિક્ષણ, સંવર્ધન અને સહકાર: ત્રણ સ્તંભો પર બનાસ ડેરી કાર્યરત છે: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી



સણાદર ખાતે દિયોદર, લાખણી અને કાંકરેજ તાલુકાના પશુપાલકો માટે બનાસ ડેરી અને GCMMF દ્વારા દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયેલ આ કાર્યક્રમમાં મહિલાઓમાં આત્મવિશ્વાસ અને જાગૃતિ લાવવા માટે સકારાત્મક પ્રયત્નો થયાં અને શ્રેષ્ઠ દૂધ ઉત્પાદક બહેનોને સન્માનિત કરવામાં આવી.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે બનાસ ડેરી હવે દૂધ ઉત્પાદનની મર્યાદાને પાર કરીને ટેક્નોલોજીથી પશુપાલનમાં નવી દિશા આપી રહી છે. ગર્ભપ્રત્યારોપણ જેવી વૈજ્ઞાનિક પદ્ધતિઓ અને સોસ કુવા જેવા જળસંચયના પ્રયાસો દ્વારા ખેડૂત અને પશુપાલક સમાજને વધુ ફાયદો થાય તે દિશામાં સતત કામગીરી થઈ રહી છે. દૂધના વ્યવસાયમાં બનાસ ડેરીનું મહત્ત્વ એટલું વિશાળ છે કે દુનિયાભરના લોકો તેનો અભ્યાસ કરવા અહીં આવે છે. આપણી બનાસ ડેરી એક સહકારી મૉડેલનું ઉત્તમ ઉદાહરણ છે, જેને ઋષિતુલ્ય ગલબા કાકાએ સંગઠિત કરી અને સહકારથી પોતાનો રોટલો કેવી રીતે ઊભો કરવો એ મહિલા પશુપાલકોને શીખવ્યું. આજે પણ તેમની તપસ્યા આપણા માર્ગદર્શનરૂપ છે. મધ્યપ્રદેશમાં જ્યારે દૂધના ભાવ વિશે પૂછપરછ થાય ત્યારે તેમને માત્ર રૂ.37 પ્રતિ લિટર મળે છે. જ્યારે બનાસ ડેરી પશુપાલકોને ભેસ માટે રૂ.80 અને ગાય માટે રૂ.50 થી વધુ ભાવ આપે છે. આ એક અદભુત અને ઉદાહરણરૂપ ક્રાંતિ છે, જેને બનાસના દૂધ ઉત્પાદકોએ શક્ય બનાવી છે.



ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ દૂધ દિનના કાર્યક્રમમાં પશુપાલક બહેનોને સંબોધતા જણાવ્યું કે આપની દીકરીઓમાં અદભુત આત્મવિશ્વાસ છે — તે ઘરની લક્ષ્મી છે, કુળનો દીવો છે અને બનાસનું ગૌરવ છે. કાંકરેજ તાલુકાની કાંકરેજી ગાય આજે દૂધની દુનિયામાં ગૌરવપૂર્ણ સ્થાન પામે છે. બ્રાઝિલમાં 70 વર્ષ પહેલા લઈ જવાયેલી આ ગાય હવે 30 થી 40 લીટર દૂધ આપે છે. ભારતના ભવિષ્ય માટે આપણે આ દેશી ગાયના સંવર્ધન માટે કામ કરવું પડશે — ભીલડી ખાતે એશિયાનું સૌથી મોટું ગૌ સંવર્ધન કેન્દ્ર શરૂ થયું છે, જ્યાંથી 10,000 વાછરડીઓ તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. દૂધ ઉત્પાદક બહેનોના મહેનતભર્યા કાર્યોને સમજીને બનાસ ડેરી એક એવી વ્યવસ્થા ઉભી કરી રહી છે જ્યાં દૂધના રૂપિયા સીધા બહેનોના ખાતામાં જાય, જેથી એ આર્થિક રીતે સશક્ત બને, બાળકોને ભણાવે અને ઘરના સંસ્કાર જાળવે. દૂધ ઉત્પાદન અને સંભાળની સમગ્ર શૃંખલા — દોહનથી લઈને ડેરી સુધીના સમગ્ર કાર્યમાં — કર્મચારી, ટેન્કર, લેબ ટેસ્ટિંગ, પ્રોસેસિંગ અને માર્કેટ સુધીની તમામ ક્રિયાઓ રાત દિવસ ચાલે છે. અમારા માટે કર્મચારીઓ દિવસ-રાત મહેનત કરે છે – કોઈ આઈસ્ક્રીમ બનાવે છે, કોઈ ચીઝ બનાવે છે, અને દરરોજ 40 લાખ લિટર દૂધ માર્કેટ સુધી પહોંચાડવાનું કામ સતત કરે છે. માર્કેટમાંથી જો સો રૂપિયા આવે, તો તેનામાંથી ફક્ત 17 રૂપિયા વ્યવસ્થાપન અને વહીવટમાં જાય છે. બાકીના 83 રૂપિયા સીધા આપણી બહેનોના ખાતામાં જમા થાય છે. દુનિયામાં એવી વ્યવસ્થા બહુ ઓછી છે, જ્યાં 83 ટકા રકમ સીધી ઉત્પાદકને મળે – અને આ અનોખી વ્યવસ્થા છે આપણી સહકારી માળખાવાળી બનાસ ડેરીની. બનાસ ડેરી આજે દર મહિને 1200 કરોડ રૂપિયાનો વ્યવહાર કરે છે. આ છે ખરેખરનો સહકાર.


છેલા બે કાર્યક્રમોમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ત્રણ મહત્વપૂર્ણ જાહેરાતો પણ કરી: (1) જિલ્લાની દરેક શાળાના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન પરીક્ષા યોજાશે અને ટોપ કરનાર વિદ્યાર્થીઓને ઈનામ તેમજ આગળના અભ્યાસ માટે પ્રોત્સાહન પૂરું પડાશે. (2) ભણતર છોડી ચૂકેલા યુવાનો માટે ઓપન સ્કૂલિંગ અને સ્કિલ ડેવલપમેન્ટ અભિયાન હાથ ધરાશે. (3) દેશભરમાં કાંકરેજી ગાય અને ભેંસના બ્રીડ અપગ્રેડેશન માટે અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને દૂધ ઉત્પાદન ડબલ કરાશે. તેમણે જણાવ્યું કે ભારતભરના જિલ્લાઓમાં બનાસ જેવી વ્યવસ્થા ક્યાંય નથી, જ્યાં 250થી વધુ પશુચિકિત્સકો પશુપાલકોની સેવા માટે કામ કરે છે. બનાસ એ એક શ્રેષ્ઠ સંસ્થા બની છે, જ્યાં પરીક્ષામાં પણ પ્રથમ ક્રમ આવે છે અને દૂધ વ્યવસાયમાં પણ. આજે યુરોપ, બ્રાઝિલ, ઈઝરાયેલ જેવી દેશોમાં જે બ્રીડિંગ અને એમ્બ્રિયો ટેક્નોલોજી અમલમાં છે, તે બધું હવે આપણાં અહીં ભીલડીમાંથી શરૂ થઈ રહ્યું છે. આવનારા 10 વર્ષ માટે દુગ્ધ ઉત્પાદન એક કરોડ લીટર સુધી લઈ જવાનું લક્ષ્ય રાખીને ધ્યેયબદ્ધ કામ શરૂ થયું છે. આ છે બનાસની ભવિષ્યદ્રષ્ટિ — જે ભારત અને આખા વિશ્વ માટે એક સહકારી ક્રાંતિનું મોડેલ બની રહી છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે અમે માત્ર બનાસકાંઠામાં જ સીમિત નથી રહ્યા. લખનઉ, કાનપુર, વારાણસી જેવા બીજા રાજ્યોના મોટા શહેરોમાં બનાસ ડેરીઓ સ્થાપિત થઈ ગઈ છે, અને બાગપતમાં નવી ડેરીની સ્થાપના પ્રક્રિયામાં છે. સણાદરમાં પાવડર ઉત્પાદન માટે વિશાળ પ્લાન્ટ ઉભો થવાનો છે. અમે માત્ર ડેરી સ્થાપી રહ્યા નથી, અમે દૂધના ભાવમાં ઉછાળો આપ્યો છે, ભાવફેરની પારદર્શકતા લાવી છે અને વધુ ભાવ આપવાની ચોક્કસ અને સુદ્રઢ વ્યવસ્થા ઊભી કરી છે. આ બધું એ આપણી સહકાર સંસ્થાની દ્રઢ દ્રષ્ટિ અને અવિરત મહેનતનું પરિણામ છે.



## "શિક્ષણથી સમૃદ્ધિ તરફ – બનાસ ડેરીની નવી દિશા"

બનાસ ડેરી — કૃષિ અને પશુપાલન ક્ષેત્ર પછી હવે શિક્ષણક્ષેત્રે પણ નવી ક્રાંતિ લાવશે. જેના હાથમાં હળ છે, તેના સંતાનના હાથમાં પેન અને પાવર હોવો જોઈએ એવું ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું માનવું છે, એટલે જ તો શ્રમયોગી પશુપાલકોના બાળકોના સપનાને પાંખો આપી IAS, IPS બનાવવા બનાસ ડેરી ટૂંક સમયમાં ગાંધીનગરમાં એક અદ્વિતીય શૈક્ષણિક સંસ્થા શરૂ કરવા જઈ રહી છે — એવી સંસ્થા જ્યાં પશુપાલકોના બાળકોને UPSC, GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે શ્રેષ્ઠ તાલીમ, માર્ગદર્શન અને સંસાધનો અપાશે. ગામથી ગાંધીનગર સુધીનું સપનું હવે હકીકત બનવા જઈ રહ્યું છે. બનાસ ડેરીનું આ નવું પગલું દુધ ઉદ્યોગની મર્યાદાથી આગળ વધીને સમાજના સર્વાંગી વિકાસ તરફ એક સશક્ત પ્રયાસ છે.



**બનાસ ડેરી હવે**
**માત્ર દૂધનું જ સંપાદન**
**નથી કરી રહી**
**તે ભવિષ્ય ઘડી રહી છે!**





**"દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમે પશુપાલકો અને મહિલા શક્તિના આત્મવિશ્વાસને નવી ઉડાન આપે છે તેમજ દૂધ ઉત્પાદનમાં જે શ્રમ છુપાયેલો છે, તેને સન્માન અને શક્તિસ્વરૂપ મહિલા પશુપાલકોની ભૂમિકાને ઓળખ આપે છે. આ કાર્યક્રમ માત્ર એક ઉજવણી નહિં, પણ ભવિષ્ય માટે સહકાર અને સમર્પણથી સમાજ, બનાસકાંઠા અને દેશ આગળ વધી શકે છે, તેનો મજબુત સંકલ્પ છે."**

**શ્રી શંકરભાઈ ચૌધરી (ચેરમેન, બનાસ ડેરી)**



સણાદર ખાતે યોજાયેલ "દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમ" માત્ર એક કાર્યક્રમ નહોતો, પણ સહકારના સાચા અર્થને સાકાર કરતા ઐતિહાસિક પળો સર્જનાર અવસર હતો. બનાસ ડેરીના ચેરમેન અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ આ પ્રસંગે પશુપાલકો માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને આનંદદાયક જાહેરાત કરી – જે શ્રમના સાચા મૂલ્યને ઓળખતી હતી.

**"પશુપાલકોનો કાર્યક્રમ હોય અને તેમના માટે ફાયદાની વાત ના હોય... આવું બની જ ન શકે!"**

## દૂધના ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂ. 25 નો વધારો 1 જૂન 2025થી અમલમાં મુકવામાં આવ્યો

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે 1 જૂન 2025થી બનાસ ડેરી દૂધના ભાવે પ્રતિ કિલો ફેટે રૂ. 25નો વધારો કરાશે. આ એક ઐતિહાસિક નિર્ણય છે, જે પશુપાલકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવશે. આ માત્ર ભાવવધારાની જાહેરાત નહીં, પણ પશુપાલકના શ્રમનું મૂલ્યવાન પુરસ્કાર છે.

## દર મહિને રૂ. 25 કરોડની વધારાની આવક વિકાસ તરફ નવું પગથિયું

આ નિર્ણયથી દર મહિને બનાસ ડેરીના સહકારી પશુપાલકોને અંદાજે રૂ. 25 કરોડની વધારાની આવક થશે. આ આવક કુટુંબના આરોગ્ય, બાળકોના શિક્ષણ, પશુઓની સંભાળ અને ટેકનિકલ સુધારણામાં સહાયક બનશે. આ આવક ગ્રામ્ય આર્થિકતંત્રને પણ ગતિશીલ બનાવશે.

## ગ્રાહકો માટે દૂધના ભાવ યથાવત – ભાવવધારો નહી લાદવામાં આવે

આર્થિક લાભ આપતાં, એક અનોખી વાત એ છે કે આ ભાવવધારો ગ્રાહકો પર લાદવામાં નહીં આવે. અમૂલના ગ્રાહકોને દૂધ પહેલાની કિંમતે જ મળતું રહેશે. આ નિર્ણય સહકારી આંદોલનની સાચી ભાવના – બંને પક્ષો માટે ન્યાય અને સંતુલન – દર્શાવે છે.

# "

# પશુપાલકો માટે ખુશીના સમાચાર: દૂધના ભાવમાં વધારો – સહકારની સાચી લાગણીનો પ્રત્યક્ષ અનુભવ

# "



## સહકારતંત્રની ઊંડાણપૂર્વકની સમજ અને માનવકેન્દ્રીયતાનો નમૂનો

આપણે જાણીએ છીએ કે બનાસ ડેરી માત્ર એક ડેરી નથી – એ છે એક પરિવાહક તંત્ર, જેમાં લાખો પશુપાલકોનો શ્રમ, શ્રદ્ધા અને સહકાર સામેલ છે. ચેરમેનશ્રીના નેતૃત્વમાં બનાસ ડેરીએ ખેડૂતો અને પશુપાલકોને ફક્ત વેપારનો ભાગ નહિ, પણ કેન્દ્રસ્થાન આપ્યું છે. દૂધ વેચીને જીવન જીવી રહેલા લોકો હવે દૂધ વડે જીવન બદલવાનો સંકલ્પ લઈ રહ્યા છે.



## મહિલા જાગૃતિ કાર્યક્રમ સશક્તિકરણના નવા દિગ્દર્શન

કાર્યક્રમમાં મહિલાઓની વિશેષ હાજરી પણ નોંધપાત્ર રહી. પશુપાલન ક્ષેત્રે મહિલાઓની ભૂમિકા નોંધપાત્ર છે – તેઓ ઘરની અંદર અને બારણાંની બહાર બંને સ્થાને કુશળતાથી કાર્ય કરી રહી છે. આ કાર્યક્રમે તેમને નવી પ્રેરણા, માહિતી અને આત્મવિશ્વાસ આપ્યો.

## આ છે 'સહકારથી સમૃદ્ધિ'નો જીવંત માળો

બનાસ ડેરીનો આ નિર્ણય માત્ર ભાવ વધારો નથી – એ છે સહકારની આત્મા. જયાં પશુપાલકોના પરિશ્રમને યોગ્ય પુરસ્કાર મળે છે અને ગ્રાહકોને પણ વિશ્વાસ સાથે ગુણવત્તા મળે છે. આ નિર્ણય એ સાબિત કરે છે કે જયાં સહકાર, દૃઢ નેતૃત્વ અને સમાજપ્રેમ સાથે કાર્ય થાય છે, ત્યાં દરેક શ્રમજનને સમૃદ્ધિનો સૂર્ય સ્પર્શે છે.

## સારાંશરૂપે:

- **દૂધના ભાવે ₹25 ફેટ પ્રમાણે વધારો**
- **દર મહિને પશુપાલકો માટે ₹25 કરોડ વધારાની આવક**
- **ગ્રાહકો માટે દૂધના ભાવ યથાવત**
- **સહકારની સાચી લાગણી, વિકાસની સાચી દિશા**

**આવી નીતિઓ અને નેતૃત્વથી જ બનાસ ડેરી આજે દેશની આગવી ઓળખ બની છે – માત્ર ડેરી નહીં, પણ લાખો જીવનોમાં ઉન્નતિનો સ્ત્રોત!**



## ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ આણંદ ખાતે NDDB દ્વારા આયોજિત ડેરી રાષ્ટ્રીય અધિવેશનમાં ઉપસ્થિત રહીને વિકાસ સંદર્ભે સંવાદ કર્યો









ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ એન.ડી.ડી.બી, આનંદ ખાતે આયોજિત ડેરી નેશનલ કોન્ફરન્સના ભાગ રૂપે યોજાયેલી વિશેષ બેઠક 'વિકાસ અને નવીનતા અંગે સંવાદ' માં પોતાના વિચારો રજૂ કર્યા.

'સહકાર થી સમૃદ્ધિ' ના રાષ્ટ્રીય સંકલ્પને સહારો આપતી આ બેઠકમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ સહકારના તત્વ અને સંકલિત પ્રયાસોની મહત્વતાને સ્પષ્ટ રીતે રજૂ કરતા કહ્યું, "ખરો વિકાસ ત્યારે શક્ય બને છે, જ્યારે આપણે સૌ મળીને કામ કરીએ." તેમણે દેશના સહકારી ક્ષેત્રના તમામ સહભાગીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે સહકારના ક્ષેત્રમાં થયેલી અદભૂત સિદ્ધિઓના કારણે આપણા દેશના લાખો ખેડૂતો અને પશુપાલકોને નવજીવન મળ્યું છે.

આનંદ પેટર્નના વારસાની ચર્ચા કરતાં તેમણે ત્રિભોવનદાસ પટેલ અને ડૉ. વર્ગીસ કુરિયનના દ્રષ્ટિપૂર્ણ યોગદાનનું સ્મરણ કર્યું હતું. તેમણે જણાવ્યું કે, આ મહાન વરદાનને એન.ડી.ડી.બી મારફતે સમગ્ર દેશમાં વિસ્તૃત કરવામાં આવ્યું છે, જેના કારણે સહકારી માળખું દેશના અનેક ગામડાઓ સુધી પહોંચ્યું છે અને સમૃદ્ધિનું બીજ વવાયું છે. "અમૂલ (GCMMF) એ સમગ્ર ભારતના સહકારી પ્રણાળીઓનું પ્રતિનિધિત્વ કરે છે, અને બનાસ ડેરી એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે, જે ભારતના બૃહદ અને પછાત વિસ્તારોમાં પણ વિકાસનું ધબકતું કેન્દ્ર બની છે" એમ તેમણે ઉમેર્યું.

બનાસ ડેરીની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતા તેમણે દૈનિક 1 કરોડ લિટરથી વધુ દૂધ સંગ્રહ કરવાની સિદ્ધિ વિશે માહિતી આપી. મધ ઉત્પાદનમાં થતી "સ્વીટ ક્રાંતિ", એશિયાનો સૌથી મોટો પશુ ખોરાક પ્લાન્ટ, પશુઓ માટે 108 એમ્બ્યુલન્સ સેવા, બાયોગેસ યુનિટ્સ, ઓર્ગેનિક ખેતી અને એમ્બ્રિઓ ટ્રાન્સફર જેવી નવીન પ્રવૃત્તિઓના વિસ્તરણ પર પણ પ્રકાશ પાડ્યો હતો. ખેડૂત પરિવારોના બાળકોને તબીબી શિક્ષણ સહાય, ગૌમૂત્ર અને ગોબરથી બનાવવામાં આવતો બાયો-સીએનજી ઇંધણ કાર્યક્રમ જેવી પહેલ બનાસ ડેરીને અનોખી ઓળખ આપી રહી છે. સુઝુકી અને એન.ડી.ડી.બી સાથે મળીને ચાલતી બાયો-સીએનજી યોજના, 5 કરોડથી વધુ વૃક્ષો અને 4 કરોડ સીડબોલનો રોપણ તેમજ 5 લાખ ચંદનના વૃક્ષોનું વન સર્જન - આ તમામ પ્રયાસો બનાસ ડેરીના સર્વાંગી વિકાસનું પ્રતિબિંબ છે.

પશુ આરોગ્ય ક્ષેત્રે, બનાસ ડેરીના 262 પશુ ડોક્ટરો, 160 મોબાઇલ વાન અને દરરોજ થતા 2,200 થી વધુ આરોગ્ય સંબંધિત મુલાકાતો દ્વારા પશુઓની સંભાળનું મજબૂત નેટવર્ક કાર્યરત છે. એન. ડી. ડીબીના સહયોગથી જનોમિક્સ, સેક્સ-સોર્ટેડ સીમન ટેકનોલોજી અને એમ્બ્રિઓ ટ્રાન્સફર કાર્યક્રમો પશુઓના ઉત્પાદન અને ક્ષમતા વધારવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ એન.ડી.ડી.બીની દ્રષ્ટિ અને પ્રયત્નોની પ્રશંસા કરતા જણાવ્યું કે, "મેડ-ઇન-ઇન્ડિયા સેક્સ-સોર્ટેડ સીમન ડોઝ અને રાષ્ટ્રીય સ્તરે બ્રિડિંગ અને રીપ્રોડક્શન સેન્ટરના વિકાસ જેવા પ્રયાસો દેશના ડેરી ઉદ્યોગ માટે ગૌરવની વાત છે."

તેમણે અમૂલ ઇકો સિસ્ટમમાં થતી નવીનતાનો પણ ઉલ્લેખ કર્યો. ભારતના વધતા પ્રોટીન અભાવને ધ્યાનમાં રાખીને, વ્હે બટરમિલ્ક, હાઈ-પ્રોટીન પનીર, દહીં અને કુલ્ફી જેવા પોષકપ્રદ અને સ્વાદિષ્ટ ઉત્પાદનો રજૂ કરાયા છે, જે ખોરાકમાં પોષણના અભાવ દૂર કરવામાં મદદરૂપ બનશે.

આ લેખના અંતે, કહી શકાય કે બનાસ ડેરી આજે માત્ર ડેરી ઉદ્યોગ નહીં, પણ સમગ્ર ગ્રામ્ય સમાજના સર્વાંગી વિકાસનું પ્રતિનિધિત્વ કરી રહી છે. સહકારના સૂત્ર સાથે જીવનશૈલીમાં પરિવર્તન લાવવા, નવીન તકનીકોના ઉપયોગથી પશુપાલકોને શક્તિ આપવા અને પરિવર્તનની ગતિશીલ યાત્રામાં સહભાગી થવાની ઇચ્છા દરેક માટે પ્રેરણાદાયક છે.




# બનાસ દાણ:
# વધુ દૂધ, વધુ આવકનું રહસ્ય

પશુપાલન આજે માત્ર વ્યવસાય નથી, પરંતુ આવકનો શક્તિશાળી સ્ત્રોત બની ગયો છે. વધુ દૂધ માટે પોષણપૂર્ણ આહાર જરૂરી છે – અને એટલે બનાસ ડેરીએ વિજ્ઞાનસભર 'પશુ આહાર વ્યવસ્થા' વિકસાવી છે. બનાસ દાણનાં ઉત્પાદન માટે ૮૦૦ મેં.ટન પ્રતિ દિવસની પ્રોડક્શન ક્ષમતા કેટલફીડ પ્લાન્ટ પાલનપુર તેમજ ૨૧૦૦ મેં.ટન ઉત્પાદન ક્ષમતા સાથે આર્ટ ઓફ વર્ડ કેટલફીડ પ્લાન્ટ કાતરવા કાર્યરત છે.

બનાસ ડેરી દ્વારા બનાવાતું દાણ શા માટે અનન્ય અને પોષણક્ષમ છે? કારણ કે તેમાં છે પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ, ચરબી, વિટામિન્સ અને ખનિજ જેવા જરૂરી તત્વો. બનાવટ એવી કે પશુને ગમે, પૂરતું ખાય, પૂરતું પચાવે – અને સૌથી અગત્યનું, વધુ દૂધ આપે!

## બનાસ ડેરી દ્વારા પશુધનને આપવામાં આવતો આહાર:

- બનાસદાણ (ગાય માટે)
- બનાસ ભેંસદાણ
- બનાસ બચ્ચાદાણ
- બનાસ વિકાસ દાણ
- બનાસ સગર્ભા દાણ
- બનાસ મિક્ષ્ આહાર
- બનાસ મકાઈ પાપડી

## પશુપાલકો શા માટે પસંદ કરે છે બનાસ દાણ?

- પશુઓને ભાવે એ પ્રકારનો આહાર બનાવવામાં આવે છે.
- આહારમાંથી પશુને પૂરતો જથ્થો (કદ) મળી રહે અને ભૂખ સંતોષાય તેની કાળજી રખાય છે.
- આહારમાંથી દુધ ઉત્પાદન માટેના જરૂરી પોષક તત્વો પશુને મળી રહે તેનું ધ્યાન રખાય છે.
- આહાર નુકસાનકારક તત્વો અથવા જંતુનાશક દવા રહિત બનાવવામાં આવે છે.
- આહાર ફૂગ રહિત હોય છે તેમજ તમામ સામગ્રી તાજી અને તદુરસ્ત વાપરવામાં આવે છે.
- આહાર આર્થિક રીતે પોષાય તે રીતે આપવામાં આવે છે.






### બનાસદાણ – ગાયના પોષણનો મજબૂત આધાર

ગાય માટે પોષક, સ્વાદિષ્ટ અને અસરકારક દાણ બનાવવું એ કલાની સાથે વિજ્ઞાન પણ છે – અને આ બંનેને સમેટે છે બનાસદાણ.

### શુદ્ધ કાચામાલ, શ્રેષ્ઠ ટેક્નોલોજી:

બનાસદાણ ખૂબ જ સાવચેતીથી પસંદ કરાયેલા ઘટકોમાંથી બનાવાય છે – જેમ કે મકાઇ, જુવાર, ગુવાર ભરડો, ડી.ઓ.આર.બી., મગફળી ખોળ, કપાસ ખોળ, રાયડો ખોળ, બાબુલ ચુની, ગોળની રસી, મિનરલ મિક્ષ્ચર, વિટામિન્સ, કેલ્સાઇટ પાવડર અને દળેલું મીઠું. દરેક ઘટક BIS (ટાઇપ-૨) ધોરણો મુજબ પરીક્ષિત અને શુદ્ધ હોય છે.

**પોષણનું પૂરું પેકેજ:** **પ્રોટીન: 20% , ચરબી (ફેટ): 3%**

આ બન્ને તત્વો ગાયના શરીર અને દૂધ ઉત્પાદન માટે છે ખૂબ જ અગત્યના.

### શા માટે દાણ છે એટલું જરૂરી?

પશુના આહારના ત્રણ મુખ્ય પાયાઓ - સુકોચારો, લીલોચારો અને દાણ -માંથી દાણ છે એનર્જીનો મુખ્ય સ્ત્રોત. જો દાણ ગુણવત્તાવાળું હોય અને જરૂર મુજબ મળે, તો:

- દૂધમાં વધારો થાય
- ફેટ અને એસ.એન.એફ.માં સુધારો થાય
- પશુ સ્વસ્થ અને કાર્યક્ષમ બને
- પશુપાલકોની પહેલી પસંદ છે 'બનાસદાણ', કારણ કે પશુઓ માટે શ્રેષ્ઠ છે.

# આભાર ભારતીય સેના!
# આભાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી!
## ઓપરેશન સિંદુરની સફળતાને આપણા નમન!



આ માત્ર એક ઓપરેશન નથી...
આ દરેક નિર્દોષના આંસુઓનો જવાબ છે,
આ આતંકના લીધે ગુંજેલ દરેક ચીસનો બદલો છે,
આ એ દરેક દિલની સાચી જીત છે, જે દેશ માટે ધબકે છે.

આંતકવાદના અડ્ડાઓને ભસ્મીભૂત કર્યા,
પાકિસ્તાનને તેની ઓકાત બતાવી,
અને નિર્દોષ નાગરિકોના લોહીનો બદલો લીધો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના મજબૂત નેતૃત્વ અને
ભારતીય સેનાના શૌર્યથી પરિપૂર્ણ આ ઓપરેશન
આજે દરેક દેશવાસીના દિલમાં ગર્વની અગ્નિ પ્રગટાવી રહ્યું છે.

આપણે વિશ્વને બતાવી દીધું કે ભારત તેના નાગરિકોની રક્ષા માટે
દરેક હદ સુધી જઈ શકે છે, દરેક બલિદાન આપી શકે છે.

**આભાર ભારતીય સેના...**
**આભાર નરેન્દ્રભાઈ મોદીજી...**

